ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# જિલ્લામાં ૬,૯૭,૭૮૦નું વેક્સિનેશન

## શહેર-જિલ્લામાં ૧૮ થી ૪૪ વયજૂથમાં ભારે ઉત્સાહ : સતત ત્રીજા દિવસે પણ ૧૭ હજારથી વધુને મહા અભિયાનમાં આવરી લેવાયા : ૩ દિવસમાં ૫૧ હજારથી વધુનું વેક્સિનેશન થયુ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં આજે સતત ત્રીજે દિવસે પણ વેક્સિનેશન અભિયાનમાં ૧૭,૪૭૬ લોકોને આવરી લેવામાં આવ્યા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૬,૯૭,૭૮૦ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

૨૧મી જૂનથી ઓન ધી સ્પોટ રજીસ્ટ્રેશન અભિગમની સરકારે કરેલી જાહેરાત પછી જિલ્લામાં ૧૮ થી ૪૪ વર્ષની વયજૂથના લોકોમાં વેક્સિનેશનની ટકાવારીમાં ભારે ઉછાળો જોવા મળી રહ્યો છે. યુવા વર્ગના આ પ્રતિસાદને લઈ તંત્રનો ઉત્સાહ પણ બેવડાયો છે.

જિલ્લામાં ૧૨૦ થી વધુ સેશન સાઈટો પર વેક્સિનેશન મહા અભિયાન ચાલી રહ્યુ છે. જિલ્લામાં ૧૮ થી ૪૫ વર્ષના વયજૂથમાં અત્યાર સુધીમાં ૨,૬૮,૨૪૮ યુવાઓને આવરી લેવામાં આવ્યા છે. જેમાં શહેરમાં ૧,૪૯,૦૮૫ યુવાઓ અને ગ્રામ્ય વિસ્તારમાં ૧,૧૯,૧૬૩ યુવાઓને આવરી લેવામાં આવ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.


ફાઈલ ફોટો

શહેરમાં આજે ૫૦૪૮ લોકોને તો ગ્રામ્યમાં ૧૨,૪૨૮ લોકોને આવરી લઈ તંત્રએ સતત ત્રીજે દિવસે ૧૭ હજારથી વધુ લોકોને આવરી લીધા છે. આમ ત્રણ જ દિવસમાં ૫૧ હજારથી વધુ લોકોને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં તંત્ર સફળ રહ્યુ છે.

જિલ્લામાં કોરોના સામે પ્રતિકાર કરવા વેક્સિનેશન અભિયાન તીવ્ર ગતિએ આગળ વધી રહ્યુ છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૬,૯૭,૭૮૦ લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવામાં આવ્યા છે. ગ્રામ્યવિસ્તારમાં ૪,૨૬,૪૩૦ લોકોને અત્યાર સુધીમાં આવરી લેવામાં આવ્યા છે. જ્યારે ગાંધીનગર શહેરમાં ૨,૭૧,૩૫૦ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૧,૮૦,૬૪૬ પુરૂષ અને ૧,૫૦,૫૪૧ મહિલાઓને આવરી લેવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૮ થી ૪૫ વર્ષના વય જૂથમાં ૧,૧૯,૧૬૩ લોકોને આવરી લેવામાં આવ્યા છે. ૪૫ થી ૬૦ વર્ષના વયજૂથમાં ૧,૨૭,૯૮૦ લોકોને આવરી લેવામાં આવ્યા છે જ્યારે ૬૦+ માં ૮૪,૦૨૫ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં ૩,૩૧,૨૩૦ ને રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે જ્યારે ૯૫,૨૦૦ લોકોને રસીના બન્ને ડોઝ આપવામાં આવ્યા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં અત્યાર સુધીમાં ૨,૭૧,૩૫૦ લોકોને વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.

શહેરમાં ૨,૨૦,૧૭૨ લોકોને રસીનો પ્રથમ ડોઝ આપાયો છે તો ૫૧,૧૭૮ લોકોને રસીના બન્ને ડોઝ અપાઈ ચુક્યા છે.

શહેરમાં ૧૮ થી ૪૫ વર્ષના વયજૂથમાં ૧,૪૯,૦૮૫ યુવાઓને આવરી લેવામાં આવ્યા છે. ૪૫ થી ૬૦ના વયજૂથમાં ૪૩,૦૮૩ લોકોને અને ૬૦+ માં ૨૭,૯૬૦ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લામાં કોવિશિલ્ડ રસી લેનારાઓની સંખ્યા સૌથી વધુ છે. પાંચ લાખથી વધુ લોકોએ કોવિશિલ્ડ વેક્સિન લીધી છે.

# કોરોનાના કેસ ઘટતા વધુ છૂટછાટના ભણકારા

## ૨૬મી પછી વધુ છૂટછાટ આપવાની તૈયારી નાઈટ કરફ્યુનો સમય ઘટી શકે છે

ગાંધીનગર, તા. ૨૩

કોરોનાની બીજી લહેર બાદ હવે કોરોનાના કેસો સાવ ઘટી ગયા છે. આવા સમયે રાજ્ય સરકાર વધુ છૂટછાટ આપવા પ્રતિબદ્ધ બની છે. નાઈટ કરફ્યુમાં ઘટાડો થઈ શકે છે અને સ્વીમીંગ પૂલ ખુલી શકે છે.

હાલમાં કોરોનાની બીજી લહેર શાંત પડી ચૂકી છે. રાજ્યમાં હાલમાં સાવ ઓછા કેસ નોંધાઈ રહ્યા છે. કેસ ઓછા થતાં પ્રતિબંધો હળવા કરવાની તૈયારી રાજ્ય સરકારે આદરી છે. નાઈટ કરફ્યુમાં ઘટાડો કરવામાં આવી શકે છે. નાઈટ કરફ્યુનો સમય હાલમાં રાત્રે ૯ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી છે. તેમાં એક કલાકનો ઘટાડો આવી શકે છે. નાઈટ કરફ્યુ રાત્રે ૧૦ વાગ્યાથી શરૂ થઈ શકે છે.

દેશભરમાં હાલમાં કોરોનાની થર્ડ વેવનો ભય છે. નિષ્ણાંતો થર્ડ વેવની આગાહી કરી રહ્યા છે. આવા સમયે રાત્રી કરફ્યુ સંપૂર્ણ હટાવવાની તરફેણમાં હાલ રાજ્ય સરકાર નથી. નાઈટ કરફ્યુ યથાવત રહી શકે છે પરંતુ તેના કલાકો ઘટી શકે છે. અન્ય કેટલીક છૂટછાટો આપવાની વિચારણા પણ રાજ્ય સરકાર કરી રહી છે. આગામી ૨૬મી તારીખથી વધુ છૂટછાટો મળી શકે છે. હોટલ અને રેસ્ટોરન્ટમાં હાલમાં સાંજે ૭ વાગ્યા સુધી બેસી શકાય છે તેમાં વધુ છૂટછાટ મળી શકે છે. આ ઉપરાંત સ્વીમીંગ પૂલ ખુલી શકે છે. સિનેમા હોલ, મલ્ટી પ્લેક્સ અને શાળા-કોલેજોને હાલમાં કોઈ છૂટછાટ મળે તેવુ લાગતુ નથી. થર્ડ વેવને ધ્યાને રાખીને હાલમાં ઓનલાઈન શિક્ષણ જ યથાવત રાખવાના મતમાં રાજ્ય સરકાર છે. સંપૂર્ણ છૂટછાટ આપતા પહેલા વધુમાં વધુ રસીકરણ થાય તેના પર રાજ્ય સરકારે ફોકસ કર્યુ છે. રસીકરણની ગતિ વધારી દેવામાં આવી છે.

# જિલ્લાની ૧૭ પ્રા. શાળાના ૭૦ વર્ગખંડો જર્જરિત થતાં ઉતારી લેવાની મંજૂરી

## દહેગામની પાંચ શાળાઓ ''વેસ્ટમાંથી બેસ્ટ'' પ્રોજેક્ટ અંતર્ગત કાટમાળમાંથી પ્રાર્થના ખંડ બનાવાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં દહેગામ તાલુકાની પાંચ પ્રા. શાળાઓમાં સિન્ટેક્સના જૂના અને તૂટી પડે તેવા ક્લાસરૂમના ભંગારમાંથી પાંચ શાળાઓમાં પ્રાર્થના ખંડ બનાવવાની મંજૂરી જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિએ આપી છે.

ગઈકાલે જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિની મળેલ બેઠકમાં શાળાઓ તરફથી આ ભંગારમાંથી અન્ય કોઈપણ નાણાંકીય સહાય વિના પ્રાર્થના ખંડ બનાવવા માટેની મળેલ દરખાસ્તો પર પુખ્ત વિચારણાને અંતે મંજૂરી આપવામાં આવી છે. આવી જિલ્લાની અન્ય શાળાઓમાંથી પણ દરખાસ્ત આવે તો તેનો ખુલ્લા મને વિચાર કરવાનો નિર્ણય પણ સમિતિએ લીધો છે.

વેસ્ટમાંથી બેસ્ટ પ્રોજેક્ટમાં શ્રમદાન શાળાઓ કરશે. એક શાળાએ મધ્યાહન ભોજન યોજનામાં ભોજન લઈ શકાય તેવો શેડ બનાવવાની દરખાસ્ત કરી હોવાનું જાણવા મળેલ છે.

ગઈકાલે મળેલ જિલ્લા શિક્ષણ સમિતિએ બોરૂના પેટાપરા પ્રેમપુરા પ્રા. શાળાનું મર્જર તેમજ દહેગામ તાલુકામાં એક જ કેમ્પસમાં બેસતી બે શાળાઓના એકીકરણને પણ બહાલી આપી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા શિક્ષણ સમિતિની બેઠકમાં જર્જરિત ઓરડાઓના મુદ્દે વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી અને ચર્ચાને અંતે ૧૭ શાળાના ૭૦ જેટલા વર્ગખંડો ઉતારી લેવાની મંજૂરી આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના બેવડી ઋતુનો અનુભવ

## ૨૭મી જૂન સુધી મહત્તમ તાપમાન ૩૨-૩૬ ડિગ્રી રહેવાની સંભાવના : જિલ્લામાં અત્યાર સુધીમાં ચોમાસાની સિઝનનો સરેરાશ ૮.૩૩ ટકા વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં સિઝનનો એક તરફ ૮.૩૩ ટકા જેટલો વરસાદ પડી ગયો છે અને હજુ ૨૭મી જૂન સુધી સૂર્ય આવો જ તપતો રહેશે.

જિલ્લામાં હાલ બેવડી સિઝન જોવા મળી રહી છે. હવામાન પૂર્વાનુમાન અંગેના બુલેટિનમાં જણાવ્યા પ્રમાણે જિલ્લામાં પાંચ દિવસ આકાશ અંશતઃ વાદળછાયુ રહેશે અને મધ્યમ વરસાદ પડવાની શક્યતાઓ છે. ૨૩ જૂનથી ૨૭ જૂન માટે કરાયેલા હવામાન પૂર્વાનુમાનમાં જણાવ્યાનુસાર જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૨.૩૬ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૬-૨૭ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૩૩ થી ૭૪ ટકા રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૨૧ થી ૨૫ કિ.મી. પ્રતિ કલાક રહેવાની સંભાવનાઓ પણ આ બુલેટીનમાં જણાવાઈ છે.

જિલ્લામાં ચોમાસાની આ સિઝનનો સરેરાશ ૮.૩૩ ટકા વરસાદ નોંધાઈ ચુક્યો છે. જેમાં દહેગામમાં ૪.૮૪ ટકા, ગાંધીનગરમાં ૮.૮૧ ટકા, કલોલમાં ૧૨.૯૨ ટકા, માણસામાં ૬.૫૦ ટકા વરસાદ સિઝનનો નોંધાયો છે. જિલ્લામાં લોકો બેવડી સિઝનનો અનુભવ કરી રહ્યા છે એટલુ જ નહિ વીજ ઉપકરણોનો વપરાશ વધતાં વીજ વપરાશ પણ વધવા પામ્યો છે. જિલ્લામાં જે બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે તેને કારણે વાઈરલ બિમારીઓનું પ્રમાણ પણ વધે તેવુ મનાઈ રહ્યુ છે. જિલ્લામાં વાહકજન્ય અને પાણીજન્ય રોગના છુટાછવાયા કેસો નોંધાવાના શરૂ થઈ ચુક્યા છે.

# આગામી ૧૦ જુલાઈએ જિલ્લાની તમામ કોર્ટમાં લોક અદાલત યોજાશે

## સમાધાન લાયક ફોજદારી, નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ, બેન્કના લેણાના દાવા, મોટર અકસ્માત, લગ્ન વિષય, સિવિલ, જમીન સંપાદન સહીતના કેસો સમાધાન માટે મુકી શકાશે

ગાંધીનગર તા ૨૩

સે-૧૧ જિલ્લા ન્યાયાલય તેમજ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા આગામી તા ૧૦ જુલાઈના રોજ નેશનલ લોક અદાલતનુ આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લા તાલુકા કક્ષાએ યોજાનારી આ લોકઅદાલત દરમિયાન જે પક્ષકારો કેસોનુ સુખદ સમાધાન કરવા ઈચ્છતા હોય તેમને કાનુની સેવા સત્તા મંડળની કચેરીનો સંપર્ક કરવા માટે પણ જણાંવાયુ છે.

રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ દિલ્હી દ્વારા સમગ્ર દેશમાં આગામી તા ૧૦ જુલાઈના રોજ નેશનલ અદાલતોનુ આયોજન કરવામાં આવ્યુ છે.જેના ભાગરૂપે ગુજરાત કાનુની સેવા સત્તા મંડળના આદેશ મુજબ ગાંધીનગર જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા જિલ્લા તાલુકા કક્ષાએ નેશનલ લોક અદાલતનુ આયોજન કરાસે. જેમાં સમાધાન લાયક ફોજદારી કેસો, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૩૮ ના , બેન્ક લેણાના દાવા, મોટર અકસ્માત વળતરના કેસ, લેબર લગત કેસ, ઈલેક્ટ્રીસીટી તેમજ પાણી વેરાના,

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં જમીનદોસ્ત થયેલા વૃક્ષો ઘણી જગ્યાએ હજુ પણ અવરોધરૂપ

## વન આરક્ષિત વિસ્તારમાં પણ ધરાશાયી થયેલા વૃક્ષોને દુર કરાયા નથી : વરસાદી દિવસોમાં વૃક્ષોની નમી પડેલી ડાળીઓનુ ટ્રીમીંગ કરવા પણ સ્થાનિકોની માંગ

ગાંધીનગર તા ૨૩

શહેરમાં વાવાઝોડાના અંતે સતત વરસાદી વાયરો ફુંકાતા હાલ ધરાશાયી થયેલા વૃક્ષો દુર કરાયા નથી જયારે વરસાદી દિવસો શરૂ થઈ ગયા છે. ત્યારે સેકટરોમાં પણ



પણ સેકટરોમાં જમીનદોસ્ત થયેલા વૃક્ષો કેટલાક ઠેકાણે યથાવત સ્થિતિમાં જોવા મળે છે. અગાઉ વનતંત્રની ટીમ કામે લાગી હતી પરંતુ હાલ પણ વન આરક્ષિત વિસ્તાર સહીત અનેક જગ્યાએ નમી પડેલી તોતિંગ ડાળીઓ અને જોખમી વૃક્ષો દુર કરવા અનિવાર્ય હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

શહેરમાં તાઉ..તે વાવાઝોડાના એક મહીનાના અંતે પણ હજુ શહેરમાં જમીનદોસ્ત થયેલા વૃક્ષો ઘણી જગ્યાએ યથાવત છે. સેકટરોમાં વરસાદી દિવસો દરમિયાન આમ પણ નમી પડેલા વૃક્ષો તેમજ તોતિંગ ડાળીઓ પણ રહીશો માટે અવરોધરૂપ બની છે. ત્યારે આ વૃક્ષોનુ ઝડપથી ટ્રીમીંગ થાય તેવી પણ માંગ ઉઠવા પામી છે. શહેરમાં વનતંત્ર દ્વારા જોખમી વૃક્ષો અંગે સમયાંતરે સર્વે હાથ ધરવામાં આવે છે. જયારે સર્વેના અંતે ઉભા સુકા જોખમી વૃક્ષોની પણ કટોતી કરવામાં આવે છે. હાલ પણ શહેરમાં ઉભા સુકા અલબત્ત જોખમી વૃક્ષોની સંખ્યા વિશેષ છે. ત્યારે વનતંત્ર દ્વારા જોખમી વૃક્ષો પણ દુર કરવામાં આવી રહ્યા છે. પરંતુ તાઉ તે વાવાઝોડાના અંતે શહેરમાં જમીનદોસ્ત થયેલા વૃક્ષો દુર કરવાની કામગીરીના અંતે પણ હજુ ઘણાં ઠેકાણે ઝાડના થડીયા યથાવત સ્થિતિમાં પડયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં બીજે દિવસે વધુ ૩ કેસ નોંધાયા : ૧૨ ને ડિસ્ચાર્જ

## ડભોડામાં ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં હોસ્પિટલમાં દાખલ કરાયા : શહેરમાં સે. ૨૫ અને વાવોલ ગામેથી એક-એક કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં આજે સતત બીજે દિવસે કોરોનાના વધુ ૩ કેસ નોંધાયા છે. શહેરમાં બે અને ગ્રામ્ય વિસ્તારમાં એક કેસ નોંધાયો છે. જિલ્લામાં કોરોનાના નવા કેસો મળવાના શરૂ થતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે.

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામે વેપાર સાથે સંકળાયેલ એક ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ વેપારીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૧૩૮ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૩૫૪ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે સતત બીજે દિવસે બે કેસ નોંધાયા છે. શહેરમાં આજે સે. ૨૫ માં એક ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તો બીજો કેસ વાવોલ ગામે નોંધાયો છે. વાવોલમાં ૪૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હવે ૩૫ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કોરોના માટે અગાઉ સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી છુટા છવાયા કેસો મળવાના શરૂ થતાં તંત્રએ સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા જણાવ્યુ છે.

# સ્માર્ટ સીટીમાં ધોળે દિવસે ખિસ્સા કપાતા નાગરિકોમાં રોષ

## શહેરના હાર્દ સમા વિસ્તારમાં ધમધમતા એસ ટી ડેપોમાં વર્ષોના અંતે પણ પોલીસ પહેરાનો અભાવ : સી સી કેમેરા પણ બંધ : મુસાફરોની સલામતીનો મુદ્દો રામભરોસે : છેલ્લા એક દાયકાથી પોલીસ ચોકીની રજુઆત અધ્ધરતાલ

ગાંધીનગર તા ૨૩

શહેરના એસ ટી ડેપોમાં ટ્રાફિક વધતા મુસાફરીની સલામતી સામે ફરી એકવાર ગંભીર સવાલો મંડરાયા છે. શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં વાંરવાર મુસાફરો પીક પાકેટીંગ તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનો ભોગ બની રહ્યા છે. મુસાફરોના ખિસ્સામાંથી પાકીટ સેરવી લેતા ગઠીયાઓ પણ બિન્દાસ્ત બન્યા છે. ગાંધીનગર ડેપોને સ્માર્ટ ડેપો બનાવાની વાત વિસરાઈ છે. જયારે મુસાફરીની સલામતીનો મુદ્દો પણ કોરાણે મુકાયો છે. એસ ટી ડેપોમાં મુસાફરોલક્ષી સુવિધાઓનો અભાવ છે. જયારે સલામતીના મામલે પણ કોઈ આયોજન કરવામાં આવતુ નથી. કોરોનાની બીજી લહેરનુ સંક્રમણ ઘટતા અત્યાર સુધી ખાનગી કાર તેમજ વાહનોમાં જ અપડાઉન કરવાનુ કે બહાર જવાનો આગ્રહ રાખતા નાગરિકો હવે સલામત સવારીનો ઉપયોગ કરી રહ્યા છે. જેના લીધે એસ ટી બસમાં પણ ટ્રાફિક જોવા મળે છે. ગાંધીનગર ડેપોમાં પણ તમામ રૂટોની બસ સેવા શરૂ કરી દેવામાં આવી છે. જેના લીધે એસ ટી ડેપોમાં મુસાફરોની અવરજવર વધી છે. લાંબા સમયના અંતે સલામત સવારીના પૈડા ટ્રેક પર આવ્યા છે. પરંતુ મુસાફરીની સલામતીના મામલે હજુ જોખમી સ્થિતિ છે. ડેપો સંકુલમાં પોલીસ ચોકીની જગ્યા ફાળવવા માટે એસ ટી નિગમે તૈયારી દર્શાવ્યા બાદ પણ જિલ્લા પોલીસ તંત્રની નિરસતાના લીધે હજુ સુધી ડેપોમાં પોલીસ ચોકી શરૂ થઈ નથી. બીજીતરફ એસ ટી ડેપોમાં કાર્યરત સી સી કેમેરા પણ ઘણાં સમયથી બંધ હાલતમાં છે. જેથી મુસાફરીની ભીડ વચ્ચે ગઠીયાઓને ખુલ્લુ મેદાન મળ્યુ છે. તક મળતા જ મુસાફરોના ખિસ્સામાં હાથફેરો કરી લેતી ગઠીયા ટોળકી વધુ બિન્દાસ્ત બની છે.

સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. નગરને સ્માર્ટ બનાવવા માટે નતનવા આયોજનો અંગે પણ બડાશો હાંકવામાં આવે છે. બીજીતરફ સ્માર્ટ સીટીના વચાળે જ ધોળે દિવસે આમ નાગરિકોનો ખિસ્સા કપાય છે. આમ છતા સલાતમીના પરિબળોને યોગ્ય કરવા પોલીસ તંત્ર શા કારણે લાચારી અનુભવી રહ્યુ છે તે પ્રશ્ન દરેક નાગરિકોને સતાવી રહ્યો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

# સ્વિમર માના પટેલ ટોક્યો ઓલિમ્પિકસમાં ભાગ લેશે

## ગુજરાત માટે ગૌરવ સમાન સમાચાર

અમદાવાદ, તા. ૨૩

જાપાનના ટોક્યોમાં રમાનારી ઓલિમ્પિક ગેમ્સમાં ભાગ લેવા માટે અમદાવાદની માના પટેલને નોમિનેટ કરવામાં આવી છે. મહિલાઓના સેક્શન માટે માના પટેલ જ્યારે પુરુષોના સેક્શન માટે શ્રીહરિ નટરાજનની પસંદગી કરવામાં આવી છે. ઈન્ટરનેશનલ ઓલિમ્પિક સમિતિના નિયમ અનુસાર કોઈ દેશનો સર્વોચ્ચ રેંક ધરાવતો સ્વિમર નિયમિત ક્વોટાથી ક્વોલીફાઈ ના થઈ શકે તો યુનિવર્સિલાટી ક્વોટામાં તેના નામની ભલામણ કરી શકાય છે. યુનિવર્સાલિટી ક્વોટાના નિયમ અનુસાર જે તે કેટેગરીમાં તે દેશનો કોઈ સ્વિમર ક્વોલીફાઈ ન થયો હોય તો તેના ઓલિમ્પિક સિલેક્શન સમય(બી ટાઈમ)ને ધ્યાનમાં રાખીને ફિના દ્વારા નોમિનેટ કરવામાં આવે છે.

માના પટેલનો જન્મ ૧૮ માર્ચ ૨૦૦૦ના રોજ થયો હતો. તે અત્યારે ૭૩૫ પોઈન્ટ ધરાવે છે. ઓલિમ્પિક્સમાં તે ૧૦૦ મીટર બેકસ્ટ્રોક ઈવેન્ટમાં ભાગ લેશે. માના અને શ્રીહરિ નટરાજ તેમની કેટેગરીમાં ભારતના સર્વોચ્ચ ક્રમાંક ધરાવતા સ્વિમર છે. શ્રીહરિ ૮૬૩ અને માના પટેલ ૭૩૫ પોઈન્ટ ધરાવે છે. સિલેક્શનની વાત કરવામાં આવે તો માના પટેલ ઓલિમ્પિક્સમાં ભાગ લેશે તે

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com